**SAMVAD E-JOURNAL**

ISSN (Online) : 2583-8334

**(International Peer-Reviewed Refereed Journal)**

**Volume 4, Issue-2, April to June : 2026**

**Published by Rangmati Publication** **http://www.rangmatipublication.com/**

# ઉદ્યોગ સાહસિક ઓધવજીભાઇ રવજીભાઈ પટેલનું ભૂ-જળ સંચય ક્ષેત્રે પ્રદાન

*અસ્મિતા એચ. દાણીધારિયા*

***Abstract:*** *ઓધવજીભાઈ રવજીભાઈ પટેલનું જીવન ઉદ્યોગ સાહસિકતા અને સામાજિક જવાબદારીનું પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યું છે. તેઓએ પોતાની કારકિર્દીની શરૂઆત એક શિક્ષક તરીકે કરી હતી. ૪૬ વર્ષની ઉંમરે ઓધવજીભાઈ એ વ્યવસાયમાં પ્રવેશ કર્યો હતો. ખોટ કરતી અજંતા કંપનીને સંભાળી વિશ્વપ્રસિદ્ધ બ્રાન્ડમાં ફેરવવાનું કાર્ય એ તેમની હિંમત, મહેનત અને દીર્ઘદ્રષ્ટિનું પરિણામ હતું. પુત્રો સાથે મળીને તેમણે નવીનતા, ટેકનિકલ કુશળતા અને આયોજન દ્વારા કંપનીને આગળ ધપાવી હતી.એક ઉદ્યોગ સાહસિકમાં હોય તવા લક્ષણો જેમ કે, લક્ષ્યપ્રાપ્તિની ઝંખના, નિષ્ફળતા સામે હિંમત, સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, ટીમ વર્ક અને સંચાર કુશળતા તેમના જીવનમાં સ્પષ્ટપણે જોવા મળે છે. તેઓ માનતા કે "નિષ્ફળતા મને નાસીપાસ કરી શકે નહીં" અને આ જ વિચારસરણી તેમને સફળતા તરફ દોરી ગઈ હતી.વ્યવસાયિક સફળતા બાદ તેમણે પોતાની ઊર્જા સામાજિક જવાબદારીઓ તરફ વાળી હતી. ૧૯૯૩માં સ્થાપેલા ઓરપેટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોરબી વિસ્તારમાં પાણીની અછત દૂર કરવા માટે જળ સંચય, કુવા રિચાર્જિંગ અને વૃક્ષારોપણ જેવા કાર્યો હાથ ધર્યા હતા. આ પ્રયાસો ગ્રામ વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થયા હતા. આ રીતે ઓધવજીભાઈ પટેલનું જીવન દર્શાવે છે કે સાચી સફળતા માત્ર સંપત્તિમાં નથી, પરંતુ સમાજને પાછું આપવાની ભાવનામાં રહેલી છે. તેઓ ઉદ્યોગ સાહસિકતા, મહેનત અને સામાજિક જવાબદારીના અનોખા સંયોજનથી આપણા માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે.*

***Keywords:*** *ઉદ્યોગસાહસિકતા, સામાજિકજવાબદારી, લક્ષ્યપ્રાપ્તિ, હિંમત, સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, ટીમવર્ક, સંચાર કુશળતા,જળ સંચય, કુવા રિચાર્જિંગ, વૃક્ષારોપણ, વ્યવસાયિક સંઘર્ષ, ગ્રામ વિકાસ*

**પ્રસ્તાવના:**

મહાત્માકાંક્ષી લોકો એવું જ માને છે કે, કરોડો, અબજોના ઉત્પાદન અને વહેંચણીથી જ જીવનમાં સાર્થકતા આવે છે. આ માન્યતા અપૂર્તિ અને ગેરમાર્ગે દોરનારી છે. સફળતા, સિદ્ધી અને સમૃદ્ધિની સાથે સાથે વ્યક્તિમાં સામાજિક જવાબદારીનું ભાન હોવું ખૂબ જ જરૂરી છે. સફળતા મેળવ્યા બાદ સમાજને પોતે મેળવ્યું છે, એમાંથી કંઈક પાછું આપવાની ભાવના હોય અને તે માટેની દ્રષ્ટિ હોય તો જ અને ત્યારે જ વ્યક્તિને સમાજ આદર આપતો હોય છે. ઓધવજીભાઈ પટેલે વ્યવસાયિક શરૂઆત 'અજંતા કંપની'થી કરી હતી. જેને ફડચામાંથી ઉગારી સફળતાની ટોચ પર પહોચાડી હતી. ત્યારબાદ તેઓએ સમાજને ઉપયોગી થવાના હેતુ સાથે ૧૯૯૩માં ઓરપેટ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. ઓધવજીભાઈ એ આમ તો સમાજના દરેક ક્ષેત્રે પોતાનું પ્રદાન કર્યું છે. પરંતુ તેમના બધાં સામાજિક કર્યોમાંથી બે કર્યો માટે મોરબી આસપાસનો વિસ્તાર તેમનો કાયમ માટે આભારી રહેશે, અને તેમાં મહિલાઓને બહોળા પ્રમાણમાં રોજગારી અને મોરબીના પાણીની અછતથી ગ્રસ્ત વિસ્તારમાં તેમના દ્વારા થયેલા ભૂ-જળ સંગ્રહના કાર્યો. ઓરપેટ ચેરીટેબલ ટ્રસ્ટે એક દસકામાં સમાજ માટે ૧૦ કરોડ રૂપિયાનું કામ કરેલું છે.



*અસ્મિતા એચ.દાણીધારિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, વિનયન કોલેજ, ચોટીલા (માર્ગદર્શક: ડૉ.જસ્મિના એચ.સારડા)*

**ઉદ્યોગ સાહસિક્તાનો અર્થ અને વ્યાખ્યા:**

ઉદ્યોગ સાહસિક્તાને સમજાવવા માટે ઘણાં અર્થશાસ્ત્રીઓએ પ્રયાસ કર્યા છે. ઉદ્યોગ સાહસિકતા શબ્દનો પ્રથમ ઉપયોગ ફ્રેન્ચ અર્થશાસ્ત્રી જે.બી.સે દ્વારા ઈ.સ. ૧૮૦૦ ના અરસામાં કરવામાં આવ્યો હતો. ઉદ્યોગ સાહસિક્તાએ નવા નફાકારક ધંધાની સ્થાપના અને તેનો વિકાસ કરવાની ક્ષમતાઓ અને ક્રિયાશીલતાની અભિવ્યક્તિ પણ છે. આથી જ આર્થિક વિશ્વમાં ઉદ્યોગ સાહસિકનું એક મહત્વનું આગવું અને વિશિષ્ટ ગૌરવયુક્ત સ્થાન છે.

**વિવિધ વ્યાખ્યાઓ**

બર્ના જેમ્સ: જેમ્સ બર્નાના મતે જયારે સાહસિકની પ્રવૃતિ નવીઔદ્યોગિક પેઢીની સ્થાપનામાં પરિણમે ત્યારે તેને ઔદ્યોગિક સાહસિકતાના વિકાસ તરીકે ઓળખાવી શકાય (બર્ના જેમ્સ, ૧૯૬૦)

ડેવીડ મેકલેલેન્ડ: ડેવીડ મેકલેલેન્ડના મત મુજબ ગણત્રીપૂર્વકના હળવા જોખમો ઉઠાવનાર ઉપક્રમ શીલ, અગાઉથી આયોજન કરનાર, પરિવર્તન સ્વીકારવા માટે ઉત્સુક અને હંમેશા નવા અને ઉંચા હેતુઓ નકકી કરનાર વ્યકિતને ઉદ્યોગ સાહસિક ગણી શકાય. આવા ગુણોનો સરવાળો એટલે ઉદ્યોગ સાહસિકતા. ડેવિડ મેકલેલેન્ડે એવું અશ્વાસન આપ્યું કે જો વ્યક્તિમાં કશુંક સિદ્ધ કરવાની ઝંખના હોય તો તેને યોગ્ય શિક્ષણ અને તાલીમની મદદથી ઉદ્યોગ સાહસિક બનાવી શકાય છે. કશુંક સિદ્ધ કરવાની ઝંખના કે જરૂરિયાતનું સ્તર નીચું હોય તો તેને વધારવા માટેના પ્રયાસો પણ થઈ શકે છે.

રોબર્ટ લેવાઈન:રોબર્ટ લેવાઈનના મતે સામાન્ય રીતે વ્યકિત પોતાના વ્યવસાયમાં કશુંક નવું કાર્ય કરી બતાવે તો તેને સમાજમાં ઉંચો દરજજો મળે છે. આથી તે પોતાના વ્યવસાયમાં નમુનારૂપ વ્યકિત તરીકે પ્રતિષ્ઠીત થવા પ્રયત્નશીલ બને છે. તેનો આવો પ્રયત્ન સમસ્તરીય ગતિશીલતા નું ઉદાહરણ છે. જેને પરિણામે ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ થાય છે. આ અર્થમાં સાહસિક કુંટુંબના પરંપરાગત ઔદ્યોગિક એકમનો વિકાસ કરવાની પ્રવૃતિને પણ ઉદ્યોગ સાહસિકતાના વિકાસ તરીકે ઓળખાવી શકાય (રોબર્ટ લેવાઈન ૧૯૬૬)

હાર્વે લેબેન્સ્ટેઈન જેવા અર્થશાસ્ત્રીએ એમ કહેલું ***કે "ઉદ્યોગ-સાહસિકો જન્મે છે, બનતાં નથી". તે આનુવંશિકપણે જ કેટલાંક જન્મજાત ગુણો ધરાવતી વ્યક્તિઓ છે. આવી વ્યક્તિઓ જ ઉદ્યોગ સાહસિક બની શકે, અન્ય નહીં."*** તેવી તેમની દ્રઢ માન્યતા હતી.

**ઓધવજીભાઈ પટેલનું પ્રારંભિક જીવન અને શિક્ષણ:**

ભાલોડીયા ઓધવજીભાઈ રાઘવજીભાઈનો જન્મ ૨૪ જૂન ૧૯૨૫માં મોરબી જિલ્લાના ચાચાપર ગામના ખેડૂત રવજીભાઈ અને અમૃતાબેન ને ત્યાં થયો હતો. તેમને રાજાશાહી વખતથી જ સેવાભાવી ખેડૂત કુટુંબનો વારસો મળ્યો હતો. વિજ્ઞાન વિદ્યાશાખામાં કોલેજ સુધીનો અભ્યાસ તેઓએ કરેલ. અને જે શાળામાં તેઓ ભણ્યા હતા, તે જ 'ધી વી.સી. હાઇસ્કુલ' મોરબીમાં તેઓ ગણિત- વિજ્ઞાનનાં શિક્ષક તરીકે જોડાયા હતા. ૪૬ વર્ષની ઉંમરે તેઓએ  વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું. અને અજંતા કંપનીમાં ભાગીદાર તરીકે જોડાય હતા. અજંતા કંપની ખોટ કરતી હોય, અન્ય ભાગીદારો અજંતામાંથી છૂટા થઈ ગયા હતા. ઓધવજીભાઈનો વ્યવસાયિક સંઘર્ષ અહીંથી શરૂ થાય છે. ત્યારબાદ પોતાની મહેનત,દઢતા અને દીર્ઘદ્રષ્ટિથી તેઓ અજંતાને સફળતાના શિખરે પહોંચાડે છે. અજંતા, ઓરેવા, અને ઓરપેટની ઝડપી સફળતા બાદ કંપનીઓનું સંચાલન પોતાના પુત્રોને સોંપી તેઓ પોતાની સામાજિક જવાબદારી તરફ વળે છે. અને સામાજિક કાર્યમાં ઝંપલાવે છે.

**ઉદ્યોગ સાહસિકતાના લક્ષણો અને ઓધવજીભાઈ પટેલ:**

આપણે ત્યાં પ્રચલિત કહેવત છે કે, ***"હિંમત એ મર્દા, તો મદદ એ ખુદા."*** હિંમત કરે તેને ઈશ્વર પણ મદદ કરે છે. હિંમત વિના સાહસ શક્ય નથી અને સાહસ વિના ઉદ્યોગ શક્ય નથી. આમ ઉદ્યોગ અને સાહસ વચ્ચે સીધો સંબંધ છે. એટલે

જ ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ માટે ઉદ્યોગસાહસિક શબ્દ વપરાય છે. બીજી રીતે કહીએ તો વ્યક્તિ સતત ક્રિયાશીલ અને પ્રવૃત્તિશીલ રહે, કે ઉદ્યોગ કરે છે તે જ ઉદ્યોગ સાહસિક છે. ઉદ્યોગ સાહસિકતા માટે વ્યક્તિમાં કેટલાક લક્ષણો હોવા ખૂબ જરૂરી છે અને એ લક્ષણો જ તેને તેની લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચાડતા હોય છે. આવા ઉદ્યોગસાહસિકતાના લક્ષણોની આપણે ઓધવજીભાઈના જીવનમાં તપાસ કરીએ..

**૧. ઉંચી સિદ્ધી પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના:**

ઉદ્યોગ સાહસિક ને સફળતા તરફ દોરી જનાર આ ખૂબ જ મહત્વનું લક્ષણ છે. જે વ્યક્તિને પોતાના લક્ષ્યો નક્કી કરવા, ઉદેશ્યો પાર પાડવા, બીજા કરતા પહેલા અને સારી રીતે લક્ષ્ય પ્રાપ્ત કરવા સખત મહેનત કરવાની પ્રેરણા આપે છે. દરેક અચીવમેન્ટ ઓરીએન્ટેડ વ્યક્તિને ક્યારેય સંપૂર્ણ સંતોષ મળતો નથી. તેથી આથાગ પરિશ્રમ કરવાનું તેઓ કદી છોડતા નથી. આ પ્રકારની ઉંચી સિદ્ધી પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના આપણને ઓધવજીભાઈના જીવનમાં જોવા મળે છે. તેઓ એક શિક્ષકની નોકરી કરતા હતા. અને ૪૬ વર્ષે તેઓ નવા સાહસ ની તૈયારી કરે છે. ***ઉમરનો આ એવો પડાવુ કે, માણસ જ્યારે ક્ષિતિજે ડૂબતા સૂરજની લાગણી અનુભવે છે. યુવાનનીનો ઉત્સાહ શમી ગયો હોય છે. મગજ પ્રોવિડન્ડ ફંડના સરવાળા માંડતું હોય છે. ત્યારે ઓધવજીભાઈએ આ ઉંમરે અજંતા નામની ઈંટ ઉપાડેલી જે આજે ચીનની દિવાલ જેટલી જાણીતી બ્રાન્ડ બની ગઈ છે.***

**૨. પ્રશ્નો ઉકેલવામાં કુશળતા:**

સામાન્ય વ્યક્તિ સમસ્યા આવે ત્યારે કામ કરવાનું છોડી દે છે. કેટલાક તેમનો સામનો કરવાનો પ્રયત્ન કરે છે પણ સફળ થતાં નથી. માત્ર ઉદ્યોગસાહસિકતાના ગુણો ધરાવતી વ્યક્તિ જ પોતાની વ્યવસાયિક આવડતથી આવનાર સમસ્યાનો દ્રઢતાપૂર્વક, પૂરી હિંમતથી સામનો કરે છે. એટલું જ નહીં પણ તે પોતાની નિષ્ફળતાને સફળતામાં ફેરવી નાખવાની હિંમત ધરાવે છે. આવા જ ગુણો આપણને ઓધવજીભાઈ પટેલમાં પણ જોવા મળે છે. ***ઈ. સ.૧૯૭૧માં ભારતની સુપ્રસિદ્ધ અજંતા ઇલોરાની ગુફા પરથી નામ લઈને મોરબીના ૧૫ જેટલા ભાગીદારોએ 'અજંતા ટ્રાન્ઝિસ્ટર કલોક મેન્યુફેક્ચરિંગ કંપની' બનાવેલી.*** ત્યારબાદ તેઓ ઓધવજીભાઈ પટેલ ને મળ્યા અને ઓધવજીભાઈ આ કંપનીમાં સ્લીપિંગ પાર્ટનર તરીકે જોડાયા હતા. પરંતુ ૧૯૭૫-૭૬ સુધીમાં કંપનીમાં કોઈ ખાસ ચડતી લાવી શકાય ન હતી. અને આજ વર્ષે તેના મૂળ સ્થાપકો અજંતા નામનું ડૂબતું જહાજ ઓધવજીભાઈ ના હવાલે કરી અને છૂટા થઈ ગયા હતા. આવી ડુબતી કંપનીનું સુકાન ઓધવજીભાઈએ હિંમતથી પોતાના હાથમાં લીધું અને આ કાર્યને તેઓએ પાર પણ પાડયું.

**૩. અથાગ પરિશ્રમ**

માત્ર કલ્પનાઓ કે વિચારો કરવાથી લક્ષ્ય મળતું નથી. એના માટે અનેક દબાણ વચ્ચે સંઘર્ષ અને પરિશ્રમ ચાલુ રાખવો પડે છે. મહેનત કરનારી વ્યક્તિ ક્યારેય નિષ્ફળ જતી નથી. આવો જ પરિશ્રમ આપણે ખોટમાં ચાલતી અજંતા કંપની પાછળ ઓધવજીભાઈ અને તેમના પુત્રો પ્રવીણભાઈ અને મનુભાઈ દ્વારા થયેલો જોઈ શકીએ છીએ. ઓધવજીભાઈ ની ઉંમર ૫૨ વર્ષની હતી ત્યારે પણ અજંતા ખોટમાં ચાલતી હતી અને એ જ વર્ષે ઓધવજીભાઈના મોટા પુત્ર પ્રવીણભાઈ મિકેનિકલ એન્જિનિયર બનીને બિઝનેસમાં આવે છે. એ સાથે જ અજંતા નો વિકાસ શરૂ થાય છે.

**૪. આયોજનકાર:**

લક્ષ્ય સિદ્ધી માટે પગલાં લેવા, તેનું આયોજન અને સમયસર સમયનો ઉપયોગ કરી લેનારી વ્યક્તિને જ સફળતા મળે છે. સિદ્ધીપ્રધાન વ્યક્તિત્વનું આ અવિભાજ્ય અંગ છે. આમ ખડચામાં જઈ રહેલી અજંતા કંપનીમાં કંઈ રાતોરાત પરિવર્તન નહોતા આવ્યા. કંપની પાસે પ્રોપર્ટીમાં પહેલા પોતાનું એક સુવેગા હતું. પછી ત્રણ સ્કૂટર થયા અને ૧૯૮૪-૮૫માં તેઓએ ડબા ઘડિયાળ બનાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ તેમાં તેમને નિષ્ફળતા મળી હતી. છતાં પણ પિતા, પુત્ર હાર માન્ય વિના અજંતા

કંપનીને આગળ લઈ જવા માટે પ્રયત્ન કરે છે અને તેમના આયોજન અને દુરદર્શીતાને કારણે જ આજે અજંતા વિશ્વ કક્ષાએ નામના ધરાવે છે.

**૫. આશાવાદીતા:**

જે ક્ષણે નિરાશા પગપેસારો કરે છે, તે જ ક્ષણથી વ્યક્તિ પીછેહઠ કરતી થઈ જાય છે. ઉદ્યોગ સાહસિકતાની જીવા દોરી જ આશાવાદ પર છે. ***'કરતા જળ કરોળિયો, ભોય પડી પછડાય....'*** ની જેમ બોધપાઠ લઈને ફરીથી બેઠા થઈ જાય છે. આમ ૧૯૮૪-૮૫માં ડબા ઘડિયાળ બનાવ્યા બાદ પણ અજંતામાં ચડતી થતી નથી. પણ ઓધવજીભાઈ કંઈ એટલા થી ડરી જાય તેમ ન હતા. બીજા કોઈ હોત તો આપઘાત કરી લે કે પેઢીના પાટીયા ફેરવી નાખે. પણ ઓધવજીભાઈ કે પ્રવીણભાઈ હરવા તૈયાર ન હતા. તેઓ ક્વાટ્ર્ઝ ટેકનોલોજીને ભારતમાં લાવવા માટે જાપાન અને તાઈવાનનો પ્રવાસ કરે છે અને આ રીતે અજંતા ક્વાટ્ર્ઝ નો જન્મ થાય છે. જે ટેકનોલોજીએ ઓધવજીભાઈની કંપનીની દિશા બદલી નાખી હતી.

ઓધવજીભાઈ હંમેશા કહેતા રહેતા કે, ***"ખોટ કે નિષ્ફળતા મને ક્યારેય નાસીપાસ કરી શકે નહીં અને જે માણસ નાસીપાસ ન થાય તેને સફળતા મળતી જ હોય છે!"***

**૬. સર્જનાત્મક વલણ:**

એક ઉદ્યોગ સાહસિકમાં સર્જનાત્મકતાના ગુણો હોવા ખૂબ જ જરૂરી છે. તે હોય તો જ બદલતા પ્રવાહ સાથે તે કદમ મિલાવી શકે છે. ઓધવજીભાઈમાં પણ આવા ગુણો જોવા મળે છે. દિવાલ ઘડિયાળ બનાવવામાં આગવું સ્થાન મળ્યા પછી પણ, તેઓની કંપનીઓએ બજારનો અંદાજ બદલાય તે મુજબ તેની ઉત્પાદન ક્ષમતામાં સર્જનાત્મકતા લાવી અને દેશ અને દુનિયામાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

**૭. આત્મવિશ્વાસ અને દ્રઢતા**

દ્રઢ નિર્ણય શક્તિ માટે પૂરો આત્મવિશ્વાસ આવશ્યક બની રહે છે. આત્મવિશ્વાસ સાથે કાર્ય કરતી વ્યક્તિને ૫૦% સિદ્ધી તો, કાર્ય શરૂ કરતાં જ મળી જતી હોય છે. કારણ કે વ્યક્તિ પોતાના ધ્યેય સિદ્ધિ માટે કટિબદ્ધ હોય છે. આ આત્મવિશ્વાસ આપણે ઓધવજીભાઈના નિર્ણયોમાં જોઈ શકીએ છીએ.

**૮. સતત બોધ પાઠ લેવો:**

કોઈપણ ક્ષેત્રે વિકાસ સાધવા માટે જ્ઞાન અને માહિતીની જરૂર પડતી હોય છે. આ ગુણો સાથે કાર્ય કરતી વ્યક્તિને સફળતા સરળતાથી મળી રહે છે. પોતાના અને બીજાઓના અનુભવમાંથી સતત શીખવાની આદત પણ આપણે ઓધવજીભાઈ માં જોઈ શકીએ છીએ. તેમના જ શબ્દોમાં, ***"અમે વિદેશ પ્રવાસ કર્યા અને અમને સમજાયું કે દુનિયા કઈ દિશામાં આગળ વધી રહી છે."***

**૯. જોખમ ઉઠાવવાની વૃત્તિ:**

ઉદ્યોગ સાહસિક પોતાની શક્તિ મુજબનું સાહસ વિચારપૂર્વક ઉઠાવે છે. ઓધવજીભાઈ એ પણ ખોટ કરતી અજંતા કંપનીનું સંચાલન સ્વીકાર્યું હતું. સતત જોખમ ઉઠાવીને તેને બચાવવા માટે પ્રયત્નો અને સખત પરિશ્રમ કર્યો. અને તેનું પરિણામ આજે આપણી સામે છે.

**૧૦. ટેકનિકલ કુશળતા:**

કોઈપણ વ્યવસાયમાં ઝંપલાવતા પહેલા તે વ્યવસાયને લગતી ટેકનીકલ કુશળતાની જાણકારી વ્યક્તિને હોય ખૂબ જરૂરી છે. અને તે ઓધવજીભાઈ અને તેમના પુત્ર પ્રવીણભાઈમાં જોવા મળે છે. જે એક ખોટ કરતી કંપનીના ઉત્પાદનમાં સુધારા

અને નવા નવા પ્રયોગો કરીને તેને બચાવી લે છે. અને વૈશ્વિક કક્ષાએ નામના અપાવે છે.ઓધવજીભાઈ કહેતા,***"અમે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમારા સ્પર્ધકોથી આગળ રહેતા. અમે પ્રતિ વોલ ક્લોક રૂ.૪૫ના ખર્ચે બનાવી શકતા અને ૧૦૫ રૂપિયામાં વહેચી દેતા તેથી નફો વધારે થતો."***

**૧૧. વ્યવસ્થાપનલક્ષી કૌશલ્ય:**

જે વ્યક્તિ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાનું જાણતો હોય અને ટીમવર્ક દ્વારા સાથી કર્મચારીઓને નેતૃત્વ તાલીમ અને યોગ્ય માર્ગદર્શન દ્વારા સંગઠિત રાખી ચલાવી શકતો હોય તે તેમના માટે સફળતાની સીડી બની જતા હોય છે. ઓધવજીભાઈના આ અદભુત કૌશલ્યના દર્શન આપણને તેમના વ્યવસાય ક્ષેત્ર ઉપરાંત સામાજિક કાર્યોમાં પણ જોવા મળે છે.

**૧૨. માનવ કૌશલ્ય:**

કમ્યુનિકેશન તથા આંતર વૈયક્તિક સંબંધો વિકસાવવાની કુશળતા ઉદ્યોગ સાહસિકનું ઉજળું પાસુ છે. આ ગુણો થકી જ તે માનવબળનો યોગ્ય ઉપયોગ અને તેને યોગ્ય દિશામાં દોરવણી આપી શકે છે. અજંતા કંપનીમાં ૯૦% સ્ટાફ મહિલાઓનો છે આ પણ તેનું ઉદાહરણ છે.

**ભૂ-જળ સંચય ક્ષેત્ર પ્રદાન:**

જયારે અજંતા નો વિકાસ વેગ પકડે છે ત્યારે ઓધાવજીભાઈના બધા જ પુત્રો વ્યવસાયને આગળ લઈ જવાની કામગીરીમાં રોકાય છે. પોતાના સ્વપ્નને ગતિ પકડતા જોઈ ઓધવજીભાઈ તેમાંથી ધ્યાન હટાવે છે. અને પોતાની સામાજિક જવાબદારી તરફ પોતાની સંગઠન ક્ષમતાને વાળે છે. તે સમયે સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર અને ખાસ તો મોરબીનો વિસ્તાર સતત દુષ્કાળ, વરસાદની અનિયમિતતા અને પાણીની અછતથી પીડાતા હતા. મોરબીના આ પ્રાણ પ્રશ્નને ઓધવજીભાઈ પોતાના હાથમાં લે છે. તેઓએ જોયું કે પાણી નો પ્રશ્ન હલ કરવો હોય તો જળ સ્ત્રોતોનો સંગ્રહ, કુવા રી-ચાર્જિંગ અને વૃક્ષોનું સઘન વાવેતર કરવું જરૂરી છે. પોતાની આ સામાજિક જવાબદારી પૂરી કરવા તેઓએ ૧૯૯૩માં સ્થાપેલ ઓરપેટ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યોને આ કાર્ય ઉપાડી લેવાનું આહ્વાન કર્યું. આ કાર્ય પણ દેખાય એટલું સહેલું ન હતું. જેમ અજંતા ને ટકાવી રાખવા ઓધવજીભાઈએ લાંબો સંઘર્ષ અને અથાગ પરિશ્રમ કર્યા હતા. તેવો જ સંઘર્ષ તેઓને અહીં પણ કરવો પડ્યો હતો. તેમની જગ્યાએ કોઈ બીજું હોત તો કદાચ આ જવાબદારીમાંથી ચોક્કસ છટકી જાત પણ ઓધવજીભાઈ નહીં!

**૧. ભૂ-જળ સંચય માટે પ્રેરણા, પ્રયત્નો અને નિષ્ફળતા:**

મોરબી વિસ્તારમાં તે સમયે અનિયમિત વરસાદ, દુષ્કાળ અને જળ સંપત્તિના સતત ઘટાડાને કારણે ખેતીની કરોડરજ્જુ ભાંગી ગઈ હતી. યુવા પેઢી રોજેરોટી માટે ગામડામાંથી શહેરમાં હિજરત કરી રહી હતી. તેના કારણે ગામડામાં અર્થતંત્ર મૃત:પાય બની ગયું હતું. બધા જ ક્ષેત્રના તજજ્ઞોએ પોતાના અભ્યાસના તારણોમાં મોરબીની આવી વિકટ સમસ્યાના ઉકેલ માટે પાયાનો પ્રશ્ન "પાણીને" બતાવ્યો હતો. મોરબી વિસ્તારમાં પાણીનો પ્રશ્ન ઉકેલવા માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ એ છૂટા છવાયા પ્રયત્નો કર્યા હતા. પરંતુ તેમાં તેમને સફળતા મળી ન હતી.

ઓરપેટ ટ્રસ્ટના સભ્યો અને ઓધવજીભાઈ એ પણ સરકારશ્રીની યોજના મુજબ ચાર વર્ષ સુધી મોરબી વિસ્તારમાં જળ સંચય માટે કુવા રિચાર્જિંગ દ્વારા પ્રયત્નો કર્યા હતા. પરંતુ સફળતા મળી ન હતી. ઓધવજીભાઈએ ફરી પોતાની નિષ્ફળતા પાછળના કારણો પર મનોમંથન કરતા તેને કેટલીક પાયાની ખામીઓ મળી આવી હતી. જેમકે પાણીની ફિલ્ટર કુંડીઓ ડ્રોઈંગ ડિઝાઇન મુજબ બનાવવામાં આવતી ન હતી, વરસાદી ડહોળું પાણી કૂવામાં જતા તેમની સાથે કાદવ કીચડ કૂવામાં તળિયે જમા થતો, તેથી કૂવામાંની જીવંત સરવાણીઓના છિદ્રો બુરાઈ જતા. સર્વ ટ્રસ્ટીઓ અને સભ્યોને આવા કુવાઓ બુરાઈ જવાનો ડર લાગતા તેઓએ કુવા રિચાર્જિંગની યોજના પડતી મુકેલી.

**૨. નિષ્ફળતાઓનું મનોમંથન અને સફળતા તરફ પ્રયાણ:**

ઓધવજીભાઈ અને ઓરપેટના ટ્રસ્ટીઓ જે સમયગાળા દરમિયાન પોતાના કાર્યોની નિષ્ફળતાનું મનોવિશ્લેષણ કરી રહ્યા હતા, તે જ સમય દરમિયાન તેઓ વિકાસ સમર્થન કેન્દ્ર, અમદાવાદના ચેરમેન શ્રી અનિલભાઈ શાહના સંપર્કમાં આવે છે. અનિલભાઈ શાહ કે જેઓ ભારત સરકારની ગ્રામ વિકાસ મંત્રાલય ન્યુ દિલ્હી દ્વારા અમલી ***'નેશનલ વૉટરશેડ યોજના'*** અંતર્ગત કાર્યરત હતા. ભારત સરકારની આ યોજના મુજબ હનુમંત તૈયાજીના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ નિમવામાં આવી હતી. તે સમિતિની સૂચના મુજબ કાર્ય કરવા માટે દરેક રાજ્યમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે આ કાર્યક્રમનું અમલીકરણ કરવાનું હતું. ભારત સરકારના આ કાર્યક્રમના અમલીકરણ માટે સ્વૈચ્છિક અને સ્થાનિક સંસ્થાઓ ની ભાગીદારી શરૂ કરવી તેવી ભલામણ પણ કરવામાં આવી હતી.

આ ભલામણમાં સૂચવવામાં આવેલી સરકારી કાર્યપદ્ધતિ ખરેખર સરળ હતી. પરંતુ નવીન હોવાના કારણે સરકારશ્રી અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે તાલમેળ બેસતા દસ વર્ષ લાગી ગયા હતા. જ્યારે આ કાર્ય પદ્ધતિથી કામ શરૂ કરવામાં આવ્યું ત્યારે ઓધવજીભાઈ ને પ્રેરણા પ્રવાસો, તાલીમ અને પ્રજાને સંગઠન શીખવાની તાતી જરૂરિયાત અનુભવાઈ હતી. તેથી પ્રેરણા પ્રવાસો, તાલીમ સંગઠનને અગત્યના ગણી અને તેને સઘન કરવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

**3. જળસ્રાવોનાં કર્યો માટેનું આયોજન અને માર્ગદર્શન:**

સરકારી યોજના મુજબ એક ગ્રામના માઈક્રો વૉટરશેડમાં ૫૦૦ હેક્ટર વિસ્તાર મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવતી. પણ ભૌગોલિક કારણસર વ્યવહારમાં એ શક્ય બને તેમ ન હતું. તેથી ઓધવજીભાઈના આયોજન અને માર્ગદર્શન મુજબ વ્યવહારુ પદ્ધતિ અપનાવવામાં આવી અને ૫૦૦×૧૦ ગામ=૫૦૦૦ હેક્ટર વિસ્તારની ગ્રાન્ટમાંથી ૬,૨૪૦ હેક્ટરનો વિસ્તાર આવરી લેવામાં આવતો હતો. આ કાર્ય ઓધવજીભાઈની વ્યવહાર બુદ્ધિપ્રતિભા અને ગામ લોકોના સહયોગથી શક્ય પણ બન્યું હતું.

ઉપરાંત જે તે લાભાર્થી જૂથ અને સ્વયંસેવકોને સ્થળ પર કામ કરવાની રીતથી માંડીને માપ, સાઈઝ, ડિઝાઇન અને ગુણવત્તા પર ભાર મૂકવાની તાલીમ પણ આપવામાં આવતી હતી. સમિતિના મંત્રીશ્રીઓને હિસાબી અને તાંત્રિક માર્ગદર્શન તથા પ્રમુખશ્રીઓને રચનાત્મક કામો, સંગઠન અને ટીમવર્કની પ્રેરણા અને માર્ગદર્શન ઓધવજીભાઈ આપતા હતા. અને નિયમ મુજબ તેઓએ આ કાર્યને પાર પાડવા તાલીમ શિબીરો પણ કરાવી હતી. તેઓએ ૪૫ જેટલી ગ્રામ કક્ષાની મીટીંગો, ૧૦ 'જાગૃતિ શિબિરો', ત્રણ 'ખેડૂત સંમેલનો' અને બે 'પાક પરિષદ' આયોજિત કરાવેલી હતી. તેઓએ ભૂ-જળસંચયની પ્રવૃત્તિઓને સફળ બનાવવા સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં ૭૫ જેટલા 'પ્રેરણા પ્રવાસો' પણ કરેલા અને વિકાસ સમિતિના સભ્યોને વિશિષ્ટ તાલીમ પણ અપાવી હતી.

૪. ભૂ-જળ સંચયના કાર્યોની સફળતા:

ઓધવજીભાઈના માર્ગદર્શન અને નેતૃત્વ નીચે ૧૯૯૬માં મોરબી તાલુકાના તે સમયના છેવાડાના ગામ હમીરપરમાં વૉટરશેડનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ યોજના મુજબ હમીર પરના ખેડૂતોએ ઓધવજીભાઈના માર્ગદર્શન મુજબ વરસાદના પાણીને આડબંધો, પાળા અને ખેત તલાવડીઓ દ્વારા રોકીને તેનો મહત્તમ ઉપયોગ કૃષિમાં કર્યો હતો. તેના સફળ પરિણામ રૂપે ખેડૂતોને પાકની ઉપજમાં ૪૩,૫૦૦ રૂપિયા જેવો ચોખ્ખો વધારો મળ્યો હતો. આ કાર્યથી હમીરપર ગામના ૧૨ કુવાના પાણીના તળ ઊંચાવ્યા હતા. ૧૮૭ વીઘા જેટલી પીયત જમીનને ફાયદો થયો હતો. હમીરપર ગામમાં ૧૬,૮૭,૫૦૦ રૂપિયાના ભૂ-જળ સંચયના કામોથી ૩૩૦૦ વીઘા જમીનમાં સિંચાઈના પાણીથી રવિ પાકમાં ખેડૂતોએ એક કરોડ રૂપિયાનો પાક મેળવ્યો હતો. લાભાર્થી ખેડૂતોએ રૂપિયા ૬,૩૦૦ લોકફાળામાં પણ આપ્યા હતા. હમીરપર ગામની આસપાસના ગામના ખેડૂતો માટે તે ઉદાહરણ રૂપ બની ગયું હતું. પછીથી આસપાસના ગામડાઓના ખેડૂતોએ પણ પાણીનો

સંચય કરીને પડતર અને ખરાબાની જમીનને ઉપજાઉં બનાવવા માટે કમર કસી હતી, અને ભૂ-જળ સંચયના કાર્યોને અગ્રતા આપી હતી.

પહેલા સૌરાષ્ટ્રના ખેડૂતોના પાકનું આયોજન વરસાદ ખેંચવાથી અવળું પડતું હતું. પરંતુ આ યોજનાને કારણે પાક નિષ્ફળ જવાનો ડર દૂર થયો હતો. ગ્રામ વિકાસ માટેના જલીયજ્ઞમાં સમાજના દરેક વર્ગના લોકો સહભાગી થયા હતા. ઓધવજીભાઈના માર્ગદર્શન અને ઓરપેટ ટ્રસ્ટના નેજા હેઠળ મોરબી આસપાસના ગામોમાં ખૂબ જ ઓછા ખર્ચે ઉચ્ચ ગુણવત્તાવાળા કામો થયા હતા.

**સમાપન:**

ઓધવજીભાઈ પટેલ એક ઉદ્યોગ સાહસિક તરીકે સફળ થયા. ત્યારબાદ તેઓએ જે સમસ્યાઓ મોરબી આસપાસના વિસ્તારમાં જોઈ હતી, તેમાની એક મહિલાઓની બેરોજગારી અને બીજી પાણીની અછત હતી. આ બંને સમસ્યાઓને હલ કરવામાં પોતાની સફળતા બાદ પણ તેઓ તનતોડ મહેનત કરે છે અને બંનેનો ઉકેલ લાવીને જ જંપે છે. ભૂ-જળ સંચયની કામગીરીમાં ઓરપેટ વોટર શેડ યોજના દ્વારા મોરબી આસપાસના કુલ ૩૮ ગામમાં ૭ કરોડ ૪૭ લાખ ૪૦ હજાર રૂપિયાના ખર્ચે ભૂ-જળ સંચયના ૨,૮૮૫ કામોથી ૧૬,૧૧૯ હેક્ટરમાં ખેતીને ફાયદો થયેલો હતો. જે વિસ્તાર કાયમ પાણીની સમસ્યાથી પીડાતો હતો ત્યાં ઓધવજીભાઈએ પોતાની દીર્ઘદ્રષ્ટિ, વ્યવહાર બુદ્ધિપ્રતિભા, સંકલ્પશક્તિ અને અથાગ પરિશ્રમથી પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આપ્યો હતો. ખેડૂતોને સરકારી યોજનાની રાહમાં બેઠા રહેવાને બદલે સ્વયંભૂ જુવાળ ઉભો કરી, પોતાની સમસ્યાઓને હલ કરવાની પ્રેરણા પણ આપી હતી.

## References :


૧.નંદાસણા, વિજયકુમાર જી.(૨૦૨૨)સૌરાષ્ટ્રના પ્રયોજક પાટીદારોનું ઉદ્યોગો ક્ષેત્રે પ્રદાન (ઈ.સ.૧૯૪૭ થી ૨૦૧૦), મહાશોધ નિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

૨.શેઠ,હંસાબેન બી.(૨૦૦૫), ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો વિશ્લેષણાત્મક અભ્યાસ (ગુજરાતના ખાસ સંદર્ભમાં), મહાશોધ નિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- રાજકોટ

૩.CED, ઉદ્યોગ સાહસિકતા બૃહદ માર્ગદર્શિકા, પાંચમી આવૃત્તિ, મે ૨૦૧૫

૪.જળ એ જ જીવન, ઓર્પેટ ચેરીટેબલ ટ્રસ્ટ, મોરબી

૫. ઓર્પેટ જળ સંચય પરીયોજના, પ્રવૃત્તિ અહેવાલ, વર્ષ ૧૯૯૩ થી ૨૦૦૪

૬.Srinivas Mudrakartha(2012),Groundwater Recharge Management in Saurashtra, India: Learnings for Water Governance,Ph.D thesis, Suresh Gyan Vihar University Mahal, Jagatpura, Jaipur

૭. www.livemint.com